જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦

**તા.૨૮/૧૨/૨૦૨૦ સોમવાર**

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-** **સમાચાર યાદી નં.૨૨૪૨/૨૦૨૦**

**Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૨૭/૧૨/૨૦૨૦ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.**

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
|---|---|---|---|---|---|---|---|
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૧૧૦૬૩ | ૬ | ૧૧૦૬૯ | ૧૭૧૯૪ | ૫ | ૧૭૧૯૯ |
| ૨ | કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005 | ૪૬૮૩ | ૦ | ૪૬૮૩ | ૬૨૦૬ | ૦ | ૬૨૦૬ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૬૨ | ૦ | ૬૨ | ૨૬૦ | ૦ | ૨૬૦ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૨૪૧૫૬ | ૨૧૨ | ૨૪૩૫૮ | ૨૫૩૬૭ | ૨૧૨ | ૨૫૫૭૯ |
| | કુલ | ૩૯૯૬૪ | ૨૧૮ | ૪૦૧૮૨ | ૪૯૦૨૭ | ૨૧૭ | ૪૯૨૪૪ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૧૫૦ | ૧૩,૫૬,૮૦૦/- |

| પત્રક-૩ | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૩૪૭૯ | ૩૪,૭૯,૦૦૦/- |

# ચોરીના ગુનાના આરોપીની અટકાયતની વિગત

## ક્રાઈમ બ્રાન્ચ

## એકલ-દોકલ મુસાફરને રિક્ષામાં બેસાડી નજર ચુકવી દાગીના/રોકડ રકમ વિગેરે કિંમતી ચીજવસ્તુઓની તફડંચી કરતી ગેંગના મુખ્ય સુત્રધાર સહિત કુલ ૪ આરોપીને ઓટોરિક્ષા તથા રોકડ રકમ મળી કુલ કિંમત રૂ.૧૭૪૦૦૦/-ની મત્તાના મુદ્દામાલ સાથે પકડી ચોરીના કુલ-૬ ગુન્હાનાઓ ભેદ ઉકેલતી અમદાવાદ શહેર ક્રાઈમ બ્રાન્ચ

અમદાવાદ શહેર વિસ્તારમાં એકલ-દોકલ મુસાફરોને રિક્ષામાં બેસાડી ધક્કામુક્કી કરી મુસાફરની નજર ચુકવી તેની પાસેના દરદાગીના તથા રોકડ રકમ વિગેરે કિંમતી ચીજવસ્તુઓની ચોરીઓ થવાના ગુન્હાઓ બનવા પામેલ હોય આવા ગુન્હાઓનો ભેદ ઉકેલવા સારૂ ઉપરી અધિકારીશ્રીઓ તરફથી સુચના આપવામાં આવેલ હોય જે સુચના આધારે પોલીસ ઇન્સ્પેક્ટર શ્રી આર.એસ.સુવેરા નાઓના સ્કોડના પો.સ.ઇ. શ્રી એસ.જે.વાઘેલા તથા પો.સ.ઈ. શ્રી વાય.જી.ગુર્જર નાઓ સ્કોડના માણસો સાથે આવા ગુન્હાઓ શોધવા માટે પ્રયત્નશીલ હતા.

દરમ્યાન તા.૨૬/૧૨/૨૦૨૦ ના રોજ સ્ટાફના હે.કો. નારસિંહ મલુસિંહ તથા હે.કો. ધીરજકુમાર લક્ષ્મણભાઈ નાઓને મળેલ બાતમી હકીકત આધારે નરોડા પાટીયા પાસેથી આરોપીઓ

(૧) પ્રદિપ ઉર્ફે બટકો ઉર્ફે ભુરીયો સ/ઓ મંગળદાસ મફતલાલ પટણી (ઝાલાવાડા) ઉ.વ.૩૬ રહે.૩૯/૩૩૨૮, ગુ.હા.બોર્ડ, બાપા સીતારામની મઢી પાસે, મેઘાણીનગર છેલ્લા બસ સ્ટેન્ડ, અમદાવાદ

(૨) પ્રકાશ ઉર્ફે જાડીયો ઉર્ફે બટકો ઉર્ફે બકો સ/ઓ ચમનભાઈ મંગાભાઈ પટણી ઉ.વ.૩૯ રહે: બ્લોક નં.૭૬ મ.નં.૧૮૦૫, ગુ.હા.બોર્ડ, બાપા સીતારામની મઢી પાસે, મેઘાણીનગર, અમદાવાદ શહેર

(૩) જીતેન્દ્ર ઉર્ફે જીતુ સ/ઓ ગીરધારીલાલ વેદુમલ પારદાસાણી ઉ.વ.૪૫ રહે. મ.નં.૪૧૪, માતૃછાયા સોસાયટી, માયા સિનેમા રોડ, કુબેરનગર, સરદારનગર, અમદાવાદ શહેર

(૪) પપ્પુરાય ઉર્ફે પપવા સ/ઓ પ્રેમરાય જીવારાય જાતે રાય (બાવરી) ઉ.વ.૨૭ રહે: ભીલવાસની ચાલી પાસે,સરદારનગર પો.સ્ટે. પાછળ, સરદારનગર, અમદાવાદ શહેર નાઓને પકડી તેઓ પાસેથી એક નંબર વગરની સી.એન.જી.ઓટોરિક્ષા કિંમત રૂ.૧૫૦૦૦૦/-તથા રોકડા રુપિયા ૨૪૦૦૦/- મળી કુલ કિં.રૂ.૧૭૪૦૦૦/-ની મત્તાનો મુદ્દામાલ સીઆરપીસી કલમ ૧૦૨ મુજબ કબજે લઇ આરોપીઓને તા.૨૬/૧૨/૨૦૨૦ ના કલાક ૧૬/૧૫ વાગે સીઆરપીસી કલમ ૪૧(૧)ડી મુજબ અટક કરી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ. આ કામે આરોપીઓની પુછપરછ તપાસ દરમ્યાન નીચે મુજબના ગુનાઓની કબુલાત કરેલ છે અને આરોપીઓને નરોડા પો.સ્ટે. સોંપવા તજવીજ કરેલ છે.

## ગુન્હાઓની કબુલાત:-

(૧) ચારેક દિવસ પહેલા સાંજના સમયે નરોડા પાટીયાથી પેસેન્જરને નાના ચિલોડા રીંગ રોડ જવા સારૂ રીક્ષામાં બેસાડેલ અને પેસેન્જરની બેગમાંથી રોકડા રુપિયા ૪૫૦૦/- કાઢી લીધેલ.

(૨) સાડા ત્રણેક માસ અગાઉ વસ્ત્રાલ પાંજરાપોળ ચાર રસ્તા રીંગરોડથી નરોડા રીંગરોડ જવા સારૂ એક પેસેન્જરને રીક્ષામાં બેસાડી તેના ખિસ્સામાંથી રોકડા રૂ.૩૫૦૦૦/- કાઢી લીધેલ.

(૩) ચારેક દિવસ અગાઉ બપોરના દોઢથી ચાર વાગ્યાના સમયગાળા દરમ્યાન હિરાવાડીથી મેમ્કો જવા સારૂ એક પેસેન્જરને રિક્ષામાં બેસાડી તેના ખિસ્સામાંથી રોકડા રૂ.૫૦૦/- કાઢી લીધેલ.

(૪) ચારેક દિવસ અગાઉ સૈજપુર ટાવરથી નરોડા પાટીયા જવા સારૂ એક પેસેન્જરને બેસાડી તેના ખિસ્સામાંથી રોકડા રૂ.૧૫૦૦/- કાઢી લીધેલ.

(૫) ચારેક દિવસ અગાઉ નિકોલથી એક પેસેન્જરને બેસાડી તેના ખિસ્સામાંથી રોકડા રૂ.૧૨૦૦/- કાઢી લીધેલ.

(૬) ચારેક દિવસ અગાઉ વસ્ત્રાલ મેટ્રો. સ્ટેશનથી ઓઢવ જવા સારૂ એક પેસેન્જરને બેસાડી તેના ખિસ્સામાંથી રોકડા રૂ.૨૨૦૦/- નજર ચુકવી કાઢી લીધેલ.

## શોધાયેલ ગુન્હા

(૧) નરોડા પો.સ્ટે. પાર્ટ એ ગુ.ર.નં. ૧૧૧૯૧૦૩૫૨૦૩૦૬૨/૨૦૨૦ ઈ.પી.કો કલમ ૩૭૯, ૧૧૪

(૨) નરોડા પો.સ્ટે. પાર્ટ એ ગુ.ર.નં.૧૧૧૯૧૦૩૫૨૦૨૩૨૦/૨૦૨૦ ઈ.પી.કો કલમ ૩૭૯,૧૧૪

## આરોપીઓનો ગુન્હાહિત ઈતિહાસ

(૧) પ્રદિપ ઉર્ફે બટકો સને ૨૦૧૭ માં મણિનગર પોલીસ સ્ટેશનમાં ઓટોરીક્ષામાં કેબલ વાયરની ચોરીના ગુનામાં પકડાઈ ચુકેલ છે.

(૨) પ્રકાશ ઉર્ફે જાડીયો સને ૨૦૧૧ માં બાપુનગર પોલીસ સ્ટેશનમાં તથા ૨૦૧૫ માં ઘાટલોડીયા પોલીસ સ્ટેશનમાં તથા સાબરમતી પોલીસ સ્ટેશનમાં અને સને-૨૦૧૭ માં શહેરકોટડા પોલીસ સ્ટેશનમાં તથા સને-૨૦૧૮ માં માધવપુરા પોલીસ સ્ટેશનમાં ઓટોરીક્ષામાં પેસેન્જર બેસાડી નજર ચુકવી ચોરી કરવાના ગુનામાં પકડાઈ ચુકેલ છે.

# પ્રોહીના ગુનાના આરોપીની અટકાયતીની વિગતઃ-

## સરદારનગર પોલીસ સ્ટેશન

## ભારતીય બનાવટના વિદેશી દારૂની અલગ અલગ બ્રાન્ડની બોટલ નંગ- ૩૦/- મળી કુલ્લે કિ.રૂ.૭૦,૯૫૦/- મત્તાનો જથ્થો પકડી પાડતી સરદારનગર પોલીસ

મે.પોલીસ કમિશ્નર સાહેબ શ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નર સાહેબ શ્રી સેક્ટર-૨ નાઓ તથા નાયબ પોલીસ કમીશ્નરશ્રી ઝોન-૦૪ સાહેબ તથા મદદનીશ પોલીસ.કમીશ્નરશ્રી " જી" ડીવીજન સાહેબ નાઓ તરફથી પ્રોહી- જુગારની પ્રવૃત્તી નેસ્ત-નાબુદ કરવા અંગેની સુચના આધારે પોલીસ ઇન્સપેકટર એમ.એમ.સોલંકી સરદારનગર પોલીસ સ્ટેશન નાઓ સર્વેલન્સ પો.સ.ઇ એમ.જી.ઢોડીયા તથા પો.સ.ઇ. એમ.સી.જાડેજા તથા સાથેના સ્ટાફના માણસો સાથે પો.સ્ટે વિસ્તારમાં પેટ્રોલીગમાં હતા તે દરમ્યાન સાથેના હે.કો પ્રદિપસિંહ ગણપતસિંહ બ.ન.૬૭૧૭ તથા પો.કો સંદિપસિંહ કોદરસિંહ બ.ન.૩૫૦૩ નાઓને સંયુક્ત રીતે ચોક્કસ ખાનગી બાતમી મળેલ કે " અજયસિહ દુષ્યતસિંહ જાતે.વાઘેલા રહે.મ.ન.બી/૩૩ શીવ બંગ્લો નાના ચીલોડા અમદાવાદ નાઓ પોતાના કબ્જાના મકાનમા હલકી ગુણવતા વાળો પર પ્રાંતનો ભારતીય બનાવટનો વિદેશી દારૂનો જથ્થો પોતાના રહેણાંક મકાનમાં સંગ્રહ કરી, ઉચી બ્રાન્ડના વિદેશી દારૂની કાચની ખાલી બોટલોમાં હલકી ગુણવતનો ભારતીય બનાવટનો વિદેશી દારૂ ભરી તેનુ વેચાણ કરવા સારૂ પોતાના રહેણાંક મકાન ખાતે છુપાવી રાખેલ છે" જે બાતમી હકીકત આધારે હકીકત વાળી જગ્યાએ રેડ કરતાં ભારતીય બનાવટનો વિદેશી દારૂના જથ્થો મળી આવતાં સદરી વિરુધ્ધમાં ધી પ્રોહિ કલમ ૬૬(બી),૬૫(એ)(ઈ),૧૧૬(૧)બી મુજબ કાયદેસર કાર્યવાહિ કરેલ છે.

**આરોપીનુ નામ;-**

(૧)અજયસિહ દુષ્યતસિંહ જાતે.વાઘેલા ઉ.વ.૨૪ રહે.બી/૩૩ શીવ બંગ્લો નાના ચીલોડા અમદાવાદ વોન્ટેડ (૨) મુકેશ યાદવ રહે.ચમક ચુનાની અંદર ઠકકરનગર નરોડા અમદાવાદ શહેર

**મુદ્દામાલ;-** (૧) હલકી ગુણવતાના વિદેશી દારૂની બોટલ નંગ-૩૦ ની કિંમત રૂ.૬૯,૯૫૦/-, (૨) ખાલી કાચની બોટલો નંગ-૩૫ કિંમત રૂ.૦૦/-, (૩) બોટલના ઢાંકણ નંગ-૧૮૦ કિં.રૂ.૦૦/-, (૪) સ્ટીકર નંગ-૧૪૧ કિં.રૂ.૦૦/-, (૫) ઢાકણ પર લગાડવાના સ્ટીકર-૫૧ કિ.રૂ.૦૦/-(૬) ગરણી નંગ-૧ કિ.રૂ.૦૦/- (૭) નાળચુ નંગ-૧ કિ.રૂ.૦૦/-(૮) ડીસમીસ નંગ-૧ કિ.રૂ.૦૦/-(૯) મોબાઇલ ફોન નંગ-૧ કિ.રૂ.૧૦૦૦/- **કુલ કિંમત રૂ.૭૦,૯૫૦/- ની મત્તાનો**

**કામગીરી કરનાર અધીકારી / કર્મચારી ;-**

(૧) પો.ઇ. એમ.એમ.સોલંકી (૨)પો.સ.ઇ. એમ.જી.ઢોડીયા (૩) પો.સ.ઇ એમ.સી.જાડેજા (૪) હે.કો વિક્રમસિંહ સુખદેવસિંહ બ.ન.૬૨૧૯ (૫) હે.કો રમેશભાઇ રત્નાભાઇ બ.ન.૯૯૩૬ (૬) હે.કો પ્રદિપસિંહ ગણપતસિંહ બ.ન.૬૭૧૭ (૭) પો.કો સંદિપસિંહ કોદરસિંહ બ.ન.૩૫૦૩ (૮) પો.કો મુળરાજસિંહ દિવાનસિંહ બ.ન.૪૭૩૪ (૯) પો.કો શક્તિસિંહ લાલુભા બ.ન.૩૧૨૯ (૧૦) લોકરક્ષક યુવરાજસિંહ મહીપતસિંહ બ.ન.૪૫૧(૧૧) લોકરક્ષક દિવ્યરાજસિંહ કિશોરસિંહ બ.ન.૧૨૯૬૯ વિગેરે.

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૨૨૪૩/૨૦૨૦**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૮૭ કેસ કરી, ૭૬ વ્યક્તિઓને ઝડપી, ૩૮૮ લીટર દેશી દારૂ, ૩૧૭ બોટલ ઈંગ્લીશ દારૂ, ૩૦ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૧૬ બિયર ટીન, ૧ રિક્ષા અને ૧ કાર કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૬ કેસ કરી ૨૭ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૬૪૭૨૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૨૨૪૪/૨૦૨૦**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૧૧૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પાસા હેઠળ ૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

**બેગ ઝુટવી લઈ ગયાઃ-** **સમાચાર યાદી નં.૨૨૪૫/૨૦૨૦**

**આનંદનગરઃ** પાર્થ સ/ઓ રમેશભાઈ સાઈતા (ઉ.વ.૩૧) (રહે. ગીતાંજલી સોસાયટી કામેશ્વર સ્કુલની બાજુમાં જોધપુર ચાર રસ્તા પાસે સેટેલાઈટ) તા.૨૭/૧૨/૨૦૨૦ સાજના ૭/૩૦ વાગ્યાના સુમારે આનંદનગર ૧૦૦ ફુટ રીંગરોડ શાલીગ્રા આર્કેડ આગળથી પોતાની કાર ચલાવી પસાર થઈ રહ્યા હતા ત્યારે એક એક્ટીવા ઉપર આવેલ બે પુરૂષોએ પાર્થ સાઈતાની ગાડી રોકાવી બોલાચાલી કરી પાર્થ સાઈતાની ગાડીમાંથી બેગ જુટવી લઈ નાસી ગયા હતા. બેગમાં રોકડ રૂપિયા ૪૨,૦૦૦/- હતા. આ અંગેની ફરીયાદ પાર્થ સાઈતાએ આનંદનગર પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી કે.બી.મીર ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી